નાસિરનગર ડિમોલિશન કેસમાં સુરત મ્યુનિ. કમિ.ને એફિડેવિટ રજૂ કરવા હાઈકોર્ટનો આદેશ

સુજલ પ્રજાપતિએ સસ્પેન્શન રદ કરવા કરેલા દાવામાં હાઇકોર્ટે મ્યુ. કમિ.ને જવાબ રજૂ કરવા આદેશ કર્યો, 21 જુલાઈએ વધુ સુનાવણી

અમદાવાદઃ સુરતના નાસિરનગરમાં વિવાદાસ્પદ ડિમોલિશન કેસમાં સસ્પેન્ડ કરાયેલા સુરત મનપાના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિ દ્વારા સસ્પેન્સનને પડકારતી ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી અરજીની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે સમગ્ર મામલે મનપા કમિશનરને એફિડેવિટ રજૂ કરવાનો આદેશ આપ્યો છે.

સુરત મનપાના સસ્પેન્ડ કરાયેલા એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિએ પોતાના સસ્પેન્સશને પડકારતી ગુજરાત હાઈકોર્ટમાં કરેલી અરજીમાં દાવો કર્યો છે કે નાસિરનગરમાં ડિમોલિશનની કાર્યવાહી તેમણે પોતાની મરજીથી નહીં પરંતુ સુરત મનપા કમિશનરની સૂચના અને તેમના દ્વારા ફોરવર્ડ કરાયેલા મેસેજના આધારે કરી હતી. આ દાવાની પ્રાથમિક નોંધ લેતા ગુજરાત હાઈકોર્ટે સમગ્ર મામલે મનપા કમિશનરને એફિડેવિટ દાખલ કરવાનો આદેશ આપ્યો છે.

સુજલ પ્રજાપતિએ પોતાના સસ્પેન્શનને પડકારતી અરજીમાં સુરત મનપા અને કમિશનર નાગરાજનને પક્ષકાર બનાવ્યા છે. અરજીમાં તેમણે સસ્પેન્શનને ગેરકાયદેસર ગણાવી તેને રદ કરવાની માંગ કરી છે.

અરજદારના જણાવ્યા પ્રમાણે તેમની સામે કોઈ ખાતાકીય તપાસ પૂર્ણ કર્યા વિના જ સસ્પેન્શનનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ઉપરાંત સુરત મનપાના નિયમો મુજબ સસ્પેન્શન કરવાનો અધિકાર સ્ટેન્ડિંગ કમિટીને છે, જ્યારે તેમને સીધા કમિશનર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું અરજીમાં જણાવાયું છે. અરજીમાં સૌથી મહત્ત્વનો દાવો એવો કરવામાં આવ્યો છે કે 21 મે, 2026ના રોજ સુરત મનપા કમિશનરના અધિકૃત મોબાઈલ નંબર પરથી તેમને એક ફોરવર્ડેડ મેસેજ મોકલવામાં આવ્યો હતો, જેના આધારે નાસિરનગરમાં ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દાવાના સમર્થનમાં અરજદારે કમિશનર સાથે થયેલી ચેટના સ્ક્રીનશોટ પણ હાઈકોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. સાથે જ તપાસ સમિતિ સમક્ષ પણ આ જ હકીકત રજૂ કરી હોવાનું તેમણે અરજીમાં જણાવ્યું છે.

સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પ્રાથમિક અવલોકનમાં નોંધ્યું કે કમિશનર દ્વારા સંબંધિત મેસેજ ફોરવર્ડ કરવામાં આવ્યો હોવાનું પ્રથમ દૃષ્ટિએ જણાય છે. આથી સમગ્ર ઘટનાક્રમ અંગે સ્પષ્ટતા કરવા મનપા કમિશનરને એફિડેવિટ દાખલ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. હવે આ કેસની આગામી સુનાવણી 21 જુલાઈએ હાથ ધરાશે. તે સમયે કમિશનરના જવાબ, રજૂ કરાયેલા દસ્તાવેજો અને અન્ય પુરાવાઓના આધારે ગુજરાત હાઈકોર્ટ આગળની કાર્યવાહી કરશે.

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના 27 શંકાસ્પદ કેસમાંથી 7 પોઝિટિવ

ત્રણ બાળકનાં મૃત્યુ બાદ રાજ્યનું આરોગ્ય તંત્ર વધુ સતર્ક

ગાંધીનગરઃ રાજ્યમાં ચાંદીપુરા વાયરસને લઈને આરોગ્ય વિભાગ સતત સતર્ક છે. અત્યાર સુધી નોંધાયેલા 27 શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી 19ના પરીક્ષણ પરિણામ જાહેર થયા છે, જેમાં 7 કેસ પોઝિટિવ અને 12 કેસ નેગેટિવ નોંધાયા છે, જ્યારે બાકીના 8 નમૂનાઓના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. રાજ્યમાં અત્યાર સુધી ચાંદીપુરા વાયરસથી ત્રણ બાળકોનાં મૃત્યુ થતાં આરોગ્ય વિભાગે નિયંત્રણ અને સારવારની કામગીરી વધુ સઘન બનાવી છે.

ગાંધીનગરમાં આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં વાયરસની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ઝડપી બનાવવા, શંકાસ્પદ દર્દીઓને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ કરાવવા તેમજ સર્વેલન્સને વધુ અસરકારક બનાવવા સૂચનાઓ આપવામાં આવી હતી.

પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે રાજ્યના તમામ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાંધીનગર મુખ્ય મથક સાથે સતત સંકલનમાં રહેવા સૂચના આપવામાં આવી છે. નાના આરોગ્ય કેન્દ્રો અને ખાનગી ક્લિનિકના તબીબોને પણ શંકાસ્પદ દર્દીઓને પ્રાથમિક સારવાર આપ્યા બાદ સમય બગાડ્યા વિના ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી હોસ્પિટલોમાં રિફર કરવા જણાવાયું છે. રાજ્યના જે વિસ્તારોમાં કેસ નોંધાયા છે ત્યાં ફોગિંગ, સેન્ડફ્લાય નિયંત્રણ માટે દવાનો છંટકાવ, સેનિટાઈઝેશન અને સર્વેલન્સની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે. સાથે જ તમામ આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી દવાઓ અને તબીબી સાધનોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

જગન્નાથજીની રથયાત્રા પૂર્વે રાજ્ય પોલીસ એલર્ટ, સંવેદનશીલ વિસ્તારો પર નજર

અમદાવાદ, ભાવનગર, ખંભાત સહિતના વિસ્તારોમાં વધારાની તકેદારી, શાંતિ સમિતિની બેઠકો વધારવા સૂચના

ફૂટ પેટ્રોલિંગ સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સતત મોનિટરિંગ રાખવાનો આદેશ

અમદાવાદઃ રાજ્યમાં આગામી ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ, સુરક્ષિત અને કોમી એકતાના માહોલમાં સંપન્ન થાય તે માટે ગુજરાત પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવ્યું છે. રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં પોલીસ ભવન ખાતે ઉચ્ચસ્તરીય વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં રાજ્યના તમામ પોલીસ કમિશનરો, રેન્જ આઈજી તેમજ જિલ્લા પોલીસ વડાઓ જોડાયા હતા.

આ બેઠકમાં રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. પોલીસ વડાએ ખાસ કરીને અમદાવાદ, ભાવનગર, ખંભાત સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં વધારાની સતર્કતા રાખવા અને પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા સૂચના આપી હતી. કોઈપણ આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરવા માટે ટિયર ગેસ, લાઠી, હેલ્મેટ સહિતની જરૂરી સુરક્ષા સામગ્રી અગાઉથી તૈયાર રાખવા પણ અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યો હતો. સ્થાનિક સ્તરે શાંતિ સમિતિની વધુમાં વધુ બેઠકો યોજવા અને રથયાત્રાના આયોજકો સાથે અગાઉથી સંકલન સાધવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

રાજ્યના પોલીસ વડાએ રથયાત્રાના રૂટ પર સઘન ફૂટ પેટ્રોલિંગ કરવાની સાથે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સતત અને કડક મોનિટરિંગ રાખવાનો આદેશ આપ્યો હતો, જેથી કોઈપણ પ્રકારની અફવા કે ભડકાઉ સામગ્રીના પ્રસારને સમયસર અટકાવી શકાય.

પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવા માટે ફરજ પર રહેલા પોલીસ કર્મચારીઓને શક્ય તેટલા વધુ પ્રમાણમાં બોડી વોર્ન કેમેરાનો ઉપયોગ કરવા પણ સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત રથયાત્રાના માર્ગ પર આવેલા વિસ્તારોના હિસ્ટ્રીશીટરો સાથે અગાઉથી સંપર્ક કરી જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવા તેમજ લાંબા રૂટ ધરાવતી યાત્રાઓ માટે પોલીસ દળનું યોગ્ય ડી-બ્રિફિંગ કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. વરસાદી માહોલને ધ્યાનમાં રાખીને રથયાત્રાના માર્ગ પર જોખમી અથવા નડતરરૂપ વીજવાયરો ન રહે તેની ચકાસણી કરવા સંબંધિત વિભાગો સાથે સંકલન સાધવા પણ પોલીસ તંત્રને સૂચના આપવામાં આવી હતી. આ બેઠક દરમિયાન પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ જિલ્લા પોલીસ વડાઓ અને રેન્જ આઈજી સાથે સ્થાનિક સ્તરે કરવામાં આવેલી સુરક્ષા તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરી હતી અને જ્યાં જરૂરી હોય ત્યાં વધારાના પગલાં લેવા માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાતમાં વરસાદ ગાયબ, માત્ર ભરૂચ તાલુકામાં વરસાદ અને તે પણ 1 મિ.મી.

આગામી સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદઃ રાજ્યમાં વરસાદી વાતાવરણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં માત્ર ભરૂચ તાલુકામાં 1 મી.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે રાજ્યનો સરેરાશ વરસાદ માત્ર 0.003 મી.મી. રહ્યો હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. રાજ્યમાં અત્યાર સુધીની મોસમી વરસાદની સ્થિતિ મુજબ 28 તાલુકામાં 0થી 50 મી.મી., 88 તાલુકામાં 51થી 125 મિ.મી., 78 તાલુકામાં 126થી 250 મિ.મી., 35 તાલુકામાં 251થી 500 મિ.મી., 29 તાલુકામાં 501થી 1000 મિ.મી. અને 3 તાલુકામાં 1000 મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો છે. હવામાન ખાતાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગામી સાત દિવસ દક્ષિણ ગુજરાતમાં વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.સૌરાષ્ટ્રમાં શરૂઆતના દિવસોમાં જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ જિલ્લામાં વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ત્યારબાદ મધ્ય સપ્તાહથી રાજકોટ, પોરબંદર, સુરેન્દ્રનગર, દ્વારકા અને બોટાદ સહિતના વિસ્તારોમાં પણ છૂટાછવાયા વરસાદની શક્યતા રહેશે.

ઉત્તર અને મધ્ય ગુજરાતમાં 15 જુલાઈથી વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની સંભાવના છે. અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર ઉપરાંત ત્યારબાદ સાબરકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં પણ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

ગુજરાતના મસાલાને મળી વૈશ્વિક ઓળખ ઊંઝાના જીરું, વરિયાળીને GI ટેગ મળ્યો

GI ટેગથી ખેડૂતોને વધુ સારા ભાવ અને નિકાસની નવી તકો ઊભી થવાની આશા

ગુણવત્તા, પ્રામાણિકતા અને ભૌગોલિક ઓળખને મળશે કાયદાકીય રક્ષણ

ગાંધીનગરઃ ગુજરાતના કૃષિ ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ઉત્તર ગુજરાતના ઊંઝાના પ્રખ્યાત જીરું અને વરિયાળીને ભારત સરકારની જીયોગ્રાફિકલ ઈન્ડિકેશન (GI) રજિસ્ટ્રી દ્વારા પ્રતિષ્ઠિત GI ટેગ આપવામાં આવ્યો છે. આ સાથે જ બંને કૃષિ ઉત્પાદનોને હવે વૈશ્વિક બજારમાં વિશિષ્ટ ભૌગોલિક ઓળખ અને સત્તાવાર બ્રાન્ડ તરીકે નવી ઓળખ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સિદ્ધિને ખેડૂતોની મહેનત, ગુજરાતની કૃષિ પરંપરા અને ગુણવત્તાયુક્ત ઉત્પાદનોનું સન્માન ગણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઊંઝાના જીરું અને વરિયાળીને મળેલો GI ટેગ 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ટુ ગ્લોબલ'ના વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલું છે. આ પ્રમાણપત્રથી બંને ઉત્પાદનોની વૈશ્વિક બજારમાં વિશ્વસનીયતા અને ઓળખ વધુ મજબૂત બનશે.

GI ટેગ એવા ઉત્પાદનોને આપવામાં આવે છે, જેની વિશિષ્ટ ગુણવત્તા, પ્રતિષ્ઠા અથવા લાક્ષણિકતાઓ ચોક્કસ ભૌગોલિક વિસ્તાર સાથે સંકળાયેલી હોય છે. આ ટેગ ઉત્પાદનની ગુણવત્તા અને પ્રામાણિકતાનું રક્ષણ કરે છે તેમજ નકલી ઉત્પાદનોના વેચાણને અટકાવવામાં મદદરૂપ બને છે. નિષ્ણાંતોના મતે GI ટેગ પ્રાપ્ત ઉત્પાદનોને સામાન્ય ઉત્પાદનોની સરખામણીએ 20થી 30 ટકા સુધી વધુ બજારભાવ મળવાની સંભાવના રહે છે. ઊંઝાના જીરું અને વરિયાળીને GI ટેગ મળવાથી સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં તેની માંગ વધવાની સાથે ખેડૂતોની આવકમાં વધારો થવાની અને નિકાસની નવી તકો ઊભી થવાની અપેક્ષા છે.

ખેડૂતો અને મસાલા વેપાર માટે ઐતિહાસિક સિદ્ધિઃ ઊંઝા APMC ચેરમેન ઊંઝા APMCના ચેરમેન દિનેશ પટેલે જણાવ્યું હતું કે ઊંઝાના જીરું અને વરિયાળીને મળેલો GI ટેગ ખેડૂતો અને મસાલા વેપાર માટે ઐતિહાસિક સિદ્ધિ છે. તેનાથી બંને ઉત્પાદનોની પ્રામાણિકતા અને બજાર વિશ્વસનીયતા વધશે તેમજ નિકાસ અને મૂલ્યવર્ધનની નવી તકો ઊભી થશે.

નવસારી મનપાની આઉટસોર્સિંગ ભરતી પ્રક્રિયાની તપાસની માંગ

યુવાનો અને નાગરિકોમાં ઉઠેલી શંકાઓ દૂર કરવા સ્વતંત્ર તપાસની માંગ

નવસારીઃ નવસારી મહાનગરપાલિકામાં આઉટસોર્સિંગ એજન્સીઓ મારફતે કરવામાં આવતી ભરતી પ્રક્રિયા અંગે પારદર્શિતા અને સ્પષ્ટતા લાવવાની માંગ સાથે અરજદાર અર્જુનભાઈ ઉકાભાઈ ભરવાડે મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે છેલ્લા કેટલાક સમયથી આઉટસોર્સિંગ ભરતી પ્રક્રિયા અંગે વિવિધ રજૂઆતો અને જાહેર ચર્ચાઓ સામે આવી રહી છે. જેના કારણે ભરતી પ્રક્રિયાની પારદર્શિતા અને નિષ્પક્ષતા અંગે નોકરી ઈચ્છુક યુવાનો તેમજ નાગરિકોમાં કેટલાક પ્રશ્નો ઊભા થયા હોવાનું રજૂ કરવામાં આવ્યું છે.

અરજીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે એક તરફ મહાનગરપાલિકાના વિવિધ વિભાગોમાં સ્ટાફની અછત અંગે રજૂઆતો કરવામાં આવે છે, જ્યારે બીજી તરફ જાહેર ચર્ચાઓમાં મોટી સંખ્યામાં આઉટસોર્સિંગ કર્મચારીઓ કાર્યરત હોવાના દાવાઓ પણ સામે આવી રહ્યા છે. આ મુદ્દે તથ્યાત્મક સ્પષ્ટતા કરવા રજૂઆતમાં માંગ કરવામાં આવી છે. અરજદારે વધુમાં રજૂઆત કરી છે કે આઉટસોર્સિંગ કર્મચારીઓની સંખ્યા, તેમની વિભાગવાર ફરજ, કામગીરી અને ભરતી પ્રક્રિયા અંગે વધુ પારદર્શિતા જાળવવામાં આવે.

ઉપરાંત ભરતી પ્રક્રિયા અંગે ઊઠી રહેલી વિવિધ રજૂઆતો અને ફરિયાદોની સ્વતંત્ર રીતે તપાસ કરવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

સુજ્ઞાબેન ભટ્ટ સમિતિની ભલામણોનો અમલ થયો હોત તો સુરત શહેર ફરી ન ડૂબતઃ કોંગ્રેસ

ભલામણોના અમલીકરણ માટે સરકાર શ્વેતપત્ર જાહેર કરે, ઉચ્ચસ્તરીય તપાસ કરાવે અને જવાબદારો સામે કાર્યવાહીની માંગ

વરસાદ નહીં, વહીવટી નિષ્ફળતા અને આયોજનના અભાવથી સુરતની હાલત સર્જાઈ હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

અમદાવાદઃ સુરતમાં ૨૦૦૬ના ભારે પૂર પછી ૨૦ વર્ષ વીતી ગયા, ફરી ૨૦૨૬માં ખાડીપૂરથી ભારે તારાજી પરંતુ સરકારે કોઈ બોધપાઠ લીધો નથી. આ માત્ર કુદરતી આફત નથી, પરંતુ સરકારની નિષ્ફળ આયોજનશક્તિ, વહીવટી બેદરકારી અને જવાબદારીના અભાવનું જીવંત ઉદાહરણ છે. ન્યાયમૂર્તિ સુજ્ઞાબેન ભટ્ટ સમિતિની મહત્ત્વપૂર્ણ ભલામણોનો અસરકારક અમલ કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે, જેના કારણે વીસ વર્ષ પછી ફરી સુરતને પૂરની વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે. દરેક વખતે કુદરતને દોષ આપીને સરકાર પોતાની જવાબદારીમાંથી બચી શકે નહીં. ત્યારે દરેક પૂરના અંતે સરકાર સર્વે કરશે કે જવાબદારોને સજા પણ કરશે ?

પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, 2006ના પૂર બાદ સમિતિએ ડેમ સંચાલન, પૂર નિયંત્રણ, આગોતરી ચેતવણી વ્યવસ્થા, ડ્રેનેજ, ટાઉન પ્લાનિંગ અને આપત્તિ વ્યવસ્થાપન અંગે અનેક મહત્ત્વપૂર્ણ ભલામણો કરી હતી. તેમ છતાં સરકારે તેનો સંપૂર્ણ અમલ કર્યો ન હોવાથી આજે ફરી સુરતની જનતાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જો સરકારે 2006ના પૂરમાંથી બોધપાઠ લીધો હતો તો આજે ફરી સુરત કેમ ડૂબ્યું? સમિતિની ભલામણોનો સંપૂર્ણ અમલ કેમ થયો નહીં? આ વહીવટી નિષ્ફળતા માટે જવાબદાર કોણ છે? સરકાર જવાબદારો સામે કાર્યવાહી કરવાને બદલે પોતાની છબી બચાવવાનો પ્રયાસ કેમ કરી રહી છે?

ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દાયકાથી ભાજપના શાસન છતાં સુરતમાં અનિયંત્રિત શહેરીકરણ, ગેરકાયદે બાંધકામો, વરસાદી પાણીના કુદરતી માર્ગો પર દબાણ, યોગ્ય ટાઉન પ્લાનિંગનો અભાવ અને ડ્રેનેજ વ્યવસ્થાની ખામીઓ યથાવત રહી છે. જેના કારણે ભારે વરસાદ દરમિયાન શહેરમાં પાણી ભરાવાની સમસ્યા વધુ ગંભીર બની રહી છે. તાજેતરના પૂરમાં હજારો પરિવારોને ઘર, વેપાર, વાહનો અને જીવનભરની કમાણીનું નુકસાન થયું છે. વેપારીઓ, ઉદ્યોગકારો, મજૂરો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રદેશ કોંગ્રેસે સરકાર સમક્ષ માંગ કરી છે કે ન્યાયમૂર્તિ સુજ્ઞાબેન ભટ્ટ સમિતિની તમામ ભલામણોના અમલીકરણ અંગે તાત્કાલિક શ્વેતપત્ર જાહેર કરવામાં આવે. ઉપરાંત તાજેતરના પૂર માટે ડેમ સંચાલન, ડ્રેનેજ વ્યવસ્થા, ટાઉન પ્લાનિંગ અને વહીવટી કામગીરીની ઉચ્ચસ્તરીય અથવા ન્યાયિક તપાસ કરાવવામાં આવે તેમજ વરસાદી પાણીના કુદરતી માર્ગો પર થયેલા દબાણો અને ગેરકાયદે બાંધકામોની પારદર્શક તપાસ કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

ઉમરપાડામાં જંગલોની જમીન પચાવી લેતાં સ્થાનિકોમાં રોષ

સરકારી જંગલ જમીન પચાવી પાડવાના ષડયંત્ર સામે આદિવાસીઓમાં આક્રોશ

બીજા જિલ્લાના ઇસમો જંગલને નુકસાન કરી ગેરકાયદે ઘૂસણખોરીના પ્રયાસો કરતાં કાર્યવાહીની માંગ

વાંકલઃ ઉમરપાડા તાલુકાના નવી વસાહત વિસ્તારમાં સરકારી જંગલ જમીન પચાવી પાડવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. નર્મદા જિલ્લાના સાગબારાના હલગામ પાટીના કેટલાક ઇસમો દ્વારા અહીં ગેરકાયદે ઘૂસણખોરી કરી જંગલને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ મામલે નવી વસાહત વિસ્તારના ૧૦થી વધુ ગામના સરપંચો અને સ્થાનિક આગેવાનો એકઠા થયા છે અને આ ગેરકાયદે પ્રવૃત્તિ કરનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે. વડગામના સરપંચ જીવણભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, ઉમરપાડાના જંગલ અને તેની જમીન પર માત્ર સ્થાનિક આદિવાસી લોકોનો જ અધિકાર છે. નવી વસાહત વિસ્તારના પરિવારો પશુપાલન પર નિર્ભર છે અને જંગલમાંથી ઘાસચારો મેળવે છે. જો બહારના લોકો જંગલ પર ગેરકાયદે કબજો કરશે તો સ્થાનિક આદિવાસીઓ માટે જીવન ગુજારવું મુશ્કેલ બની જશે. બીજા તાલુકાના લોકોને આ જંગલનો લાભ લેવાનો કોઈ જ અધિકાર નથી.

જંગલ બચાવવાની આ લડત સાથે સ્થાનિક અગ્રણીઓએ વર્ષ-૨૦૨૪માં બનેલી એક અત્યંત ચકચારી ઘટનાને યાદ કરી ન્યાયની માંગ કરી છે.

ઉમરપાડાના વડગામની એક ૧૪ વર્ષની માસૂમ બાળકી પર સાગબારાના એક ઈસમે બળાત્કાર ગુજારી તેની નિર્મમ હત્યા કરી નાંખી હતી.

સુડોકુ ૬૫૭૫ - 'કઠિન'

૭	૮	૧		૯		૬	૫	
૩	૫					૧	૪	૯
૨	૪				૬			૮
			૬	૩	૧	૮	૨	
	૬		૯	૫	૭			૪
	૩	૭	૨	૮	૪	૯		૫
		૩			૯	૫	૮	
		૮	૩	૬		૪		૧
		૫	૭	૪		૨	૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

ખજાનો-ક્રિપ્ટો ક્વિઝ

૬	૭	૨	૭	૨	૭	૫	૫	૬
૫	૭	૨	૫	૬	૬	૭	૨	૭
૬	૭	૫	૭	૨	૫	૬	૬	૭
૫	૭	૬	૭	૨	૭	૨	૭	૬
૨	૫	૬	૭	૫	૭	૨	૬	૬
૭	૨	૭	૬	૫	૭	૬	૬	૨
૭	૬	૭	૬	૫	૭	૨	૭	૫
૭	૨	૫	૬	૨	૭	૭	૬	૬
૨	૫	૬	૬	૭	૭	૬	૭	૭

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

પેશાબ છૂટથી લાવવા

દોદરા વાટેલા ગોખરુ 15g લઈ 150 મીલી પાણીમાં ઉકાળી 75 મીલી થાય ત્યારે ગાળી લઇ તેમાં એક ગ્રામ જવખાર ઉમેરી સવારમાં પીવાથી, પેશાબ છૂટથી આવશે.

આજનું પંચાંગ

તા. 14/07/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિઃ વદ: અમવાસ: 15:15
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ: 23
યોગ : વ્યાઘાત **કરણ:** કિસ્તુઘ્ન
નક્ષત્ર : પુનર્વસુ: 24:11
રાશિઃ મીથુન (ક,છ,ઘ) 18:56 પછી કર્ક (ડ,હ)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:06 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
નવકારસી : 06:54
પારસી વર્ષ : 1395 સ્પેન્દારમદ માસનો 04થો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 28મો રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુકાળઃ બપોરે:- 15:00 થી 16:30 સુધી

મેષ (અ,લ,ઇ,): સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરનારાએ સાવધાન રહેવું. અચાનક નોકરીની તક મળે. પ્રવાસ થાય.
વૃષભ (બ,વ,ઉ,): મજાક મસ્તી ટાળવી. ઉધાર લેવા દેવાનું ટાળવું. ખાવા-પીવાનાં શોખિનોને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે.
મિથુન (ક,છ,ઘ,): જેની રાહ જોતા હો તેવા સમાચાર લાંબા સમય પછી મળે. સ્થળાંતરની તૈયારી થાય. મન અશાંત.
કર્ક (ડ,હ,): પ્રતિકૂળ પરિસ્થિતિમાં સાવધાની રાખવી. વિદ્યાર્થીઓએ ભણવામાં ધ્યાન રાખવું. પોલીસ લફરાથી સાવધાન.
સિંહ (મ,ટ,): હકારાત્મક વિચારો અને મિત્રોની મદદથી કૌટુંબિક કામ થાય. સંતાનો સાથે ઘર્ષણ ટાળવું.
કન્યા (પ,ઠ,ણ,): નોકરીમાં પ્રમોશન કે પ્રગતિ થાય. ધંધામાં આવક વધે. સમસ્યાઓનું સમાધાન થાય. આવક વધે.
તુલા (ર,ત,): વડીલોની મદદ મળે. પિતાના વ્યવસાયમાં મદદરૂપ બનશો. ઉચ્ચ શિક્ષણમાં તક માટે પ્રવાસ થાય.
વૃશ્ચિક (ન,ય,): કામ કરવાની પધ્ધતિને વળગી રહેવું. ઉપરી વર્ગનું દબાણ આવે. સરકારી નોકરિયાતે દબાણમાં રહેવું પડે.
ધન (ભ,ધ,ફ,ઢ,): વ્યાવસાયિક પ્રગતિથી ઉત્સાહ વધશે. મિત્રો-પરિવારનો સાથ રહેવાથી સામાજિક સમસ્યાનો નિકાલ.
મકર (ખ,જ,): ઈન્ટરવ્યુમાં સફળતા મળે. નોકરી માટે નવી જવાબદારી મળે. હરીફોથી સાવધાન રહેવું.
કુંભ (ગ,સ,શ,ષ,): વિદ્યાર્થીઓએ અભ્યાસમાં ધ્યાન રાખવું. ઘરનાં નાનાં બાળકોને મદદરૂપ બનશો.
મીન (દ,ચ,ઝ,થ,): ઉચ્ચ કક્ષાનાં લોકોનો સાથ મળે. રાજકીય સંબંધોનો લાભ મળે. આવક વધારવાની તક મળે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઈ પણ સાલમાં 14 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતી નવા ફેરફાર, વધારાની જવાબદારી અને હરીફોની દખલગીરી માનસિક ત્રાસ વધારશે. આરોગ્ય નરમ-ગરમ રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉધરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મિશ્ર રહે. માટે સાવધાની રાખવી. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. ઉમરલાયકના વિવાહ થાય, પણ પ્રેમ વિવાહમાં વિ